



## પાલનપુરમાં નોકરીયાત દંપતીના ઘરે દિવસ દરમિયાન બે લાખની ચોરી

પાલનપુરમાં કાયદો વ્યવસ્થા દિન-પ્રતિદિન કથળી રહી છે, ધોળે દિવસે ચોરી-લૂંટ-છેતરપીંડીના ગુનાઓનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. શહેરના હાઈવે, રેલ્વે ફાટક પાછળ આવેલી સોસાયટીમાં રહેતા ભાનુપ્રસાદ પુનમચંદ મોદીનાં ઘરે ચોરી થવા પામેલ છે. પતિપત્ની બંને નોકરીયાત હોઈ ઘર બંધ કરી નોકરી પર ગયા હતા. તે સમયે અજાણ્યા તસ્કરોએ તેમના ઘરની અગાસીનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશી તિજોરી તોડીને સોના-ચાંદીના દાગીના રોક્કડ રકમ એમ મળી બે લાખનો મુદ્દા માલની ચોરી કરેલ છે. શહેરીજનોમાં ગભરાટ ફેલાયેલો છે. પોલીસ ઈન્સ્પેક્ટર આ.કે. પટેલે તપાસ હાથ ધરી છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ધનસુરા-અણિયોર સિંગલપટ્ટી માર્ગ બિસ્માર

## રોજના અસંખ્ય અકસ્માતો સર્જાય છે

ધનસુરા, તા.૧૬

ધનસુરા ચોકડીથી અણિયોર અને રામાપીર લાખણેચી મંદિર સુધીના સિંગલ પટ્ટી માર્ગ ઉપર ઠેર ઠેર મોટા ખાડા પડી ગયા છે. જેથી આ માર્ગ વાહન ચાલકો માટે અકસ્માત ઝોન સાબિત થઈ રહ્યો છે. પરિણામે વારંવાર વાહનો પલટી ખાઈ જવા અને અકસ્માતો થવાના કિસ્સામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે જેને લઈ સ્થાનિક ભારે રોષે ભરાયા છે. અને આ માર્ગને તંત્ર દ્વારા તાત્કાલિક રીપેર કરવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

ધનસુરા ચોકડીથી અણિયોર અને રામાપીર લાખણેચી મંદિર સુધી તરફનો સિંગલ પટ્ટી માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે. આ માર્ગ પર અનેક ઠેકાણે મસમોટા ખાડા પડી ગયા છે અને માર્ગની બંને સાઈડો તૂટી જવા પામી છે. આથી દરરોજ બનતા નાના મોટા અકસ્માતોને લઈ સ્થાનિકોએ જિલ્લા માર્ગ મકાન વિભાગમાં અનેક વખત રજૂઆતો કરી છે તેમ છતાં આ માર્ગ પર કોઈ રીપેરીંગ કામ થતું નથી અને ઓવરલોડ વાહનોની અવર જવર પર કોઈ પણ પ્રકારની રોક લગાવવામાં આવતી નથી પરિણામે સ્થાનિકો આ મામલે ભારે રોષે ભરાયા છે અને તાત્કાલિક ધોરણે આ બિસ્માર માર્ગને તંત્ર રીપેર કરાવે તેવી માંગ કરી રહ્યા છે.

# ધનસુરાની રેફરલ હોસ્પિટલમાં બંધ ટ્રોમા સેન્ટર અને જરૂરી સુવિધાના અભાવે દર્દીઓ પરેશાન

ધનસુરા, તા. ૧૬

ધનસુરા તાલુકામાં એક માત્ર સરકારી રેફરલ હોસ્પિટલ આવેલી છે. જ્યાં દરરોજ અકસ્માતમાં ભોગ બનનાર અસંખ્ય દર્દીઓ તાત્કાલિક સારવાર અર્થે આવે છે. પરંતુ આ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર બંધ હોવાથી અને જરૂરી પ્રાથમિક સાધનોની ઉણપથી દર્દીઓ કાં તો મોતને ભેટે છે અથવા તેમને અન્ય હોસ્પિટલમાં મોકલી આપવામાં આવે છે. આથી પ્રજામાં રોષની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ ધનસુરા તાલુકામાં એક માત્ર સરકારી રેફરલ હોસ્પિટલ આવેલી છે. જ્યાં દરરોજ આસપાસના ગામડાના દર્દીઓ તેમજ ધનસુરા મોડાસા નડીયાદ હાઈ-વે પર ગંભીર અકસ્માતમાં ભોગ બનનાર અસંખ્ય દર્દીઓ સારવાર અર્થે આવે છે. અથવા લાવવામાં આવે છે, પરંતુ આ રેફરલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી જરૂરિયાત પ્રમાણેનો યોગ્ય નિષ્ણાંત સ્ટાફ તેમજ ટ્રોમા સેન્ટરમાં અદ્યતન સારવાર માટેના સાધનોની ઉણપના કારણે બિમાર કે ગંભીર રીતે ઘાયલ દર્દીઓને જરૂરિયાત અને તાત્કાલિક સારવાર ન મળતા તે મોતને ભેટે કે તેને અન્ય મોટી હોસ્પિટલમાં ખસેડવામાં આવે છે. પરિણામે આ દર્દીઓ સાથે સ્થાનિકો રોષે ભરાયા છે અને હોસ્પિટલમાં અદ્યતન સુવિધાની માંગણી કરી રહ્યા છે.

# હિંમતનગરમાં ઉછીના ૮ લાખ લઈ પરત ના આપતા ફરિયાદ

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જીલ્લા ના હિમતનગર તાલુકાના રામપુર ગામ ના નથ્થુંભાઈ બેચરભાઈ પટેલ એ તા -૧૧/૦૬/૨૦૧૧ના રોજ બપોરના ૧૨ વાગે ના સુમારે કાકરોલ ગામ ના યોગેશભાઈ પોપટભાઈ પટેલ એ હિમતનગર માં આવેલ આકાશગંગા કોમ્લેક્ષ આગળ નથ્થુંભાઈ પટેલ પાસેથી રૂ ૮ લાખ ઉછીના -નેમેસરી નોટ લખી આપી લીધા હતા અને લીધેલી રોકડ પરત આપવાનો વિશ્વાસ કેળવી આજદિન સુધી યોગેશભાઈ પટેલ એ નથ્થુંભાઈ પટેલ ને ઉછીના લીધેલા નાણા પરત નહિ આપતા નથ્થુંભાઈ પટેલ એ શુક્રવાર ના રોજ હિમતનગર ટાઉન પોલીસ મથકે યોગેશભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોધાવતા પોલીસ એ વિશ્વાસઘાત અને છેતરપીડી નો ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અને એ ગાયે તેના પેટમાંથી અડધા બહાર નીકળેલા તેના બચ્ચાને પ્રસવ કરાવી ના શકતા આમથી તેમ દોટ મૂકી!!

પાલનપુર, તા.૧૬

બનાસકાંઠાની સરહદે આવેલા ધાનેરામાં એક ગાય કે જે તેના બચ્ચાને સફળ રીતે બહાર જન્મ ના આપી શકતા તેના પેટમાંથી અડધા બહાર નીકળેલા બચ્ચા સાથે તેનાથી આ વેદના સહન ના થતાં જુદા જુદા વિસ્તારોમાં આમથી તેમ દોટ મૂકતા સૌ પ્રેમીઓ-શહેરીજનો એ ગાય પ્રત્યે સહાનુભુતિ દર્શાવતા અને તેની પ્રસુતિ પૂર્ણ કરાવવા પ્રયાસો હાથ ધરી માનવતાના દર્શન કરાવ્યા હતાં.

ધાનેરા શહેરના પારસનગર વિસ્તારમાં એક સગર્ભા ગાયને પ્રસવ ઉઠતા તે બચ્ચાને આ દુનિયામાં જન્મ આપવા મથામણ કરતા તેના શરીરમાંથી અડધું બચ્ચું બહાર નીકળેલ તે પુરેપુરું બહાર ન નીકાળી શકતા ગાય અને તેના બચ્ચાંની હાલત ભારે કફોડી થતાં કોઈ સેવાભાવીએ ગૌરક્ષક સેવાભાવી હિતેષ ઠકકરનો સંપર્ક કરતા તેમણે અને તેમની ટીમના સભ્યોએ ગાયને ઘેરવાનો પ્રયત્ન કરતા ગાય તેના શરીરમાંથી અડધા બહાર નીકળેલા બચ્ચા સાથે



અંબિકાનગર, શિવાજીનગર, પ્રગતિ, અર્બુદા, મહેશ્વરી સોસાયટી સહિત આમથી તેમ દોડતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આખરે હિતેષ ઠકકર અને તેમની ટીમના સેવાભાવી યુવાનોએ ગાયને એક ખાલી પ્લોટમાં કોર્ડન કરી વેટરનરી ડોકટર બોલાવી આ અડધા બચ્ચાને બહાર નિકાળી ભારે મુસીબતમાં મુકાયેલી ગાય અને તેના બચ્ચાનો જીવ બચાવવામાં સફળતા મેળવી હતી.

સમગ્ર ધાનેરાના શહેરીજનો-ગૌ પ્રેમીઓમાં એક જ સૂર સાંભળવા મળતો હતો કે પશુપાલકો-ગાયના માલિકો તેમની ગાયનું દૂધ દોહીને બહાર રખડતા મુકી દેતા હોય છે ત્યારે આ ગાયના માલિકો સામે આક્રોશ સાથે આજે એકત્ર થઈને આવા ગાય માલિકો સામે રૂ. ૧૧૦૦ દંડ કરવાનું નક્કી કરાયું હતું.

## તાજપુર નજીક બે ટ્રક અથડાતા અકસ્માત

તાજપુર કેમ્પ, તા. ૧૬

તાજપુર ગામ નજીક ચિલોડા હિંમતનગર હાઈ-વે પર આજે વહેલી સવારે માર્ગની પાસે ઉભેલી એક માલવાહક ટ્રકને પાછળથી અન્ય એક ટ્રક જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત થયો હતો. જેથી બન્ને ટ્રકોને મોટુ નુકશાન થયું હતું. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર અમદાવાદ તરફથી આવતી અને મોડાસા તરફ જતી માલવાહક ટ્રક જીજે વાય-૭૩૮૧ તાજપુર ગામ વહેલી સવારે નજીક પાર્ક કરી ડ્રાઈવર ઉભો હતો. આ દરમિયાન આજ માર્ગ પર પાછળથી આવતી અન્ય એક ટ્રક આગળ ઉભેલી ટ્રકને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો અને ટ્રકમાં રહેલ માલસામાન માર્ગ પર વિખેરાઈ ગયો હતો અને અકસ્માત સર્જનાર ટ્રકનો ડ્રાઈવર ટ્રક મુકી ફરાર થઈ ગયો હતો.

# ડીસા ખાતે ગોપાલ સેના અને રબારી સમાજ દ્વારા રક્તદાન કેમ્પ યોજી લોક સેવક કાનાભાઈ દેસાઈને શ્રદ્ધાંજલિ આપી



ડીસા, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લા પંચાયતના સદસ્ય રબારી સમાજના યુવા અગ્રણી સ્વ. કાનાભાઈ દેસાઈની પ્રથમ માસિક પૂણ્યતિથિ નિમિત્તે શ્રી ગોપાલ સેના બનાસકાંઠા-ડીસા દ્વારા શ્રદ્ધાંજલી કાર્યક્રમ ઉજવાયો હતો. જેમાં જિલ્લાભરમાંથી રાજકીય તેમજ સામાજીક આગેવાનોએ ઉપસ્થિત રહી કાનાભાઈ સાચા અર્થમાં લોકો સેવક હતા અને તેઓના કાર્યોની સુવાસ હંમેશા લોકોમાં દિલમાં રહેશે તેમ કહી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

શ્રી ગોપાલ સેના બનાસકાંઠા-ડીસા તેમજ સમસ્ત રબારી સમાજ દ્વારા બનાસકાંઠા જિલ્લા પંચાયતના સદસ્ય અને રબારી સમાજના યુવા આગેવાન સ્વ. કાનાભાઈ મલાભાઈ દેસાઈની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે વાઈબ્રન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, ડીસા ખાતે રબારી સમાજના માર્ગદર્શક અને ગોવાભાઈ રબારી, પ્રદેશ ભાજપ માલધારી સેલ કન્વીનર રામાભાઈ દેસાઈ, ગોપાલક નિગમ ચેરમેન ડૉ. સંજય દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ રાજુભાઈ જોષી, દિનેશભાઈ દવે, ઠાકરશીભાઈ દેસાઈ, ડીસા તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ અમરત દેસાઈ, બાબુબાઈ મલાભાઈ દેસાઈ, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ દવે, બાબુલાલ માળી, શહેર ભાજપ પ્રમુખ શશીકાંત પંડ્યા, મગનલાલ માળી, અમૃતભાી દેસાઈ, નરસિંહભાઈ જોટાણા, જે.બી. આલ તેમજ રસીકજી ઠાકોરની ઉપસ્થિતિમાં સ્વ. કાનાભાઈ દેસાઈને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ મૌન, પ્રાર્થના સભા, રક્તદાન કેમ્પ, દર્દીઓને ફ્રુટ તેમજ ગાયોને ઘાસનું વિતરણ કરવામાં આવ્યુ હતું. રક્તદાન કેમ્પમાં ભણશાલી હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત બ્લડ બેંકના સ્ટાફ તેમજ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ડીસા શાખાના કાર્યકરો સહયોગ આપ્યો હતો. રક્તદાન કેમ્પમાં ૧૦૮ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

રક્તદાન કેમ્પને સફળ બનાવવા અમરત દેસાઈ, મોતીભાઈ કમોડા, ચેતન ઘોઘલ, વિક્રમ દેસાઈ, બાબુબાઈ ભોંકુ, રાજુભાઈ મુડેઠા, જયેશ નોગોસ, વાહજીભાઈ દામા, સાગર બાઈવાડા, મોતીભાઈ વજાપુર સહિત ગોપાલ સેના તેમજ સમસ્ત રબારી સમાજના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## જીવનસાથી પસંદગી સંમેલન વડોદરામાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ચાણક્ય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજનાં ઉપક્રમે તા. ૨૭મી એપ્રિલના રોજ અમીન પાર્ટી પ્લોટ વડોદરામાં જીવન સાથી પસંદગી સંમેલન યોજાનાર છે. ઉમેદવારી પત્રક તથા રંગીન તસ્વીર જમા કરાવવાની છેલ્લી તાર.૩૧મી માર્ચ છે. મો. ૯૩૭૬૨૩૩૮૧૧ પર સંપર્ક સાધવો.

## તિલક હોળી રમવા વિજ્ઞાન જાથાની અપીલ

રાજકોટ, તા. ૧૬

સૌરાષ્ટ્રમાં વિકરાળ પાણી સમસ્યા બની છે. તે સમયે ભારત જન વિજ્ઞાન જાથના ચેરમેન જયંતભાઇ પંડ્યાએ પાણીની કરકસર કરવા, સૌરાષ્ટ્રના લોકોને તિલક હોળવી રમવા અપીલ કરી છે. ૧૦ દિવસ પછી આજી ડેમ સુકાઇ જશે. રાજકોટ જિલ્લામાં ૩૩ ડેમોમાં પાણી રહ્યું નથી. તો રાજકોટમાં હોળી રમાય તો ૫૦૦ કરોડ લીટર પાણી વેડફાઇ જશે. માટે તિલક હોળી રમવા અપીલ કરવામાં આવેલ છે.

# વડાલીના વાસણ ગામે ખેતર દંપતી પર મજુર દંપતી છરા વડે હૂમલો કરતા માલિકનું મોત : હત્યાના બન્ને આરોપી જેલ હવાલે

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના વાસણ ગામે ખેતરમાં બે દિવસ પહેલા ખેતર માલિક અને તેમની પત્ની ખેતરમાં ગયેલા ત્યારે ખેતરમાં મજુરી કરતા દંપતીએ પૈસાની લેવડદેવડ અને કામ બાબતે બોલાચાલી થતા મારામારી થયેલ જેમાં મજુર દંપતીએ છરા વડે ખેતર માલિક પર હૂમલો કરી નાક્ના ભાગે ગંભીર ઈજાઓ કરેલી જે ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન શુક્રવારની સાંજે મોત નીપજતાં શનિવારે ખેતર માલિક અને મજુર દંપતી બંને સામ સામે ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ વડાલીના રહેવાસી ભીખાભાઈ પ્રયાગભાઈ સગર અને તેમની પત્ની જમનાબેન બંને જણા ૧૪મી માર્ચને ગુરૂવારની સાંજે મોટરસાયકલ લઈને વડાલીથી ૮ કિ.મી. દૂર આવેલ વાસણ ગામે તેમના ખેતર પર ગયા હતા જ્યાં તેમના ખેતરમાં અઠોજ ગામના શાંતીજી કુંવરજી ઠકરડા અને તેમની પત્ની સંતોકબેન કામ કરતા હતા. ત્યારે ભીખાભાઈએ સંતોકબેનને કહેલ કે એરંડા ખંખેરી નાખો તેથી સંતોકબેને કહેલ કે આજે નહિ થાય તેથી ભીખાભાઈ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલીને લાકડી સંતોકબેનના સાથળના ભાગે મારી હતી. ઉપરાંત દાતરડું વડે ભીખાભાઈએ સંતોકબેન પર હૂમલો કરતાં સંતોકબેનને હાથે ઈજાઓ થઈ હતી જેથી સંતોકબેને બુમાબુમ કરતા સંતોકબેનના પતિ શાંતીજી દોડી આવેલ અને તેમણે છરા વડે ભીખાભાઈને નાક પર ઘા કર્યો હતો. જેથી વચ્ચે ભીખાભાઈની પત્ની જમનાબેન આવી જતા તેમને પણ જમણા હાથે છરાથી ઈજાઓ થઈ હતી. જેથી તાત્કાલિક ઈજાગ્રસ્ત ભીખાભાઈ અને જમનાબેનને સારવાર માટે વડાલી સરકારી દવાખાને લઈ ગયેલ જ્યાંથી વધુ સારવાર માટે ઈડર અને ત્યાંથી રાત્રીના હિંમતનગર ખાતેની ખાનગી મેડીસ્ટાર હોસ્પિટલમાં ભીખાભાઈને દાખલ કરેલ જ્યાં સારવાર દરમિયાન શુક્રવારની મોડી સાંજે ૬.૧૫ વાગે ભીખાભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું તેથી તેમની મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલમાં લાવ્યા હતા અને શનિવારના રોજ સવારે ભીખાભાઈની મૃતકનું પોસ્ટમોર્ટમ કરી તેમના પરિવારજનોને મૃતદેહ સોંપ્યો હતો. આમ ખેતરમાલિકે દંપતી અને મજુરી કામ કરતા દંપતી બંને જણાએ સામ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે જમનાબેન ભીખાભાઈ સગરની ફરિયાદ આધારે શાંતીજી કુંવરજી ઠાકરડા વિરૂદ્ધ કલમ ૩૦૨, ૩૨૩, ૩૦૪, ૩૪ મુજબ ગુનો નોંધ્યો હતો. જ્યારે સંતોકબેન શાંતીજી ઠાકરડાની ફરિયાદ આધારે ખેતર માલિક ભીખાભાઈ પ્રયાગભાઈ સગર વિરૂદ્ધ કલમ ૩૨૩, ૫૦૪, બીપીક્ટ કલમ ૧૩૫ મુજબ વડાલી પી.એસ.આઈ. કે.આર. પરમારે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગે વડાલી પી.એસ. આઈ. કે.આર. પરમારે જણાવેલ કે હત્યા કરનાર બંને આરોપીને શનિવારે સાંજે પકડી પાડી જેલ હવાલે કરેલ છે.



## પાલનપુરમાં વિશ્વ ગ્રાહક સુરક્ષા દિન ઉજવાયો

પાલનપુરમાં વિશ્વ ગ્રાહક સુરક્ષા કેન્દ્ર દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું. ડીસા જાગૃતિ ગ્રાહક ટ્રસ્ટના કિશોર દવે સહિત સ્થાનિક અગ્રણીઓએ ગ્રાહક સાથે વેપારીઓને કેવું વર્તન કરવું, ચીજવસ્તુની ગુણવત્તાના વજન અંગે ખાસ માર્ગદર્શન આપ્યું હતું.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
રવિવારે શો રૂમ બંધ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન